ગાંધીનગર સમાચાર
તા. ૨૬-૯-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

# વડાપ્રધાનની વિજયયાત્રા

વિશ્વવિજેતા બનવાના સંકલ્પ સાથે વિજયયાત્રા પર નીકળેલા મહાન સિકંદરની જેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે દુનિયાની સૌથી મોટી મહસત્તા અમેરિકાની 'સરકારી' મુલાકાતે જઇ રહ્યા છે. અમેરિકામાં વસતાં ભારતીયો માટે વનવાસ વેઠીને અયોધ્યા પાછા ફરતા ભગવાન રામચંદ્રના સ્વાગત જેવી આ આહ્‌લાદક ઘટના છે. ગુજરાતીઓ માટે આ વિશેષ ગૌરવાનુભૂતિની ઘટના છે. અમેરિકામાં વસનાર દરેક ગુજરાતી માટે મોદી નવરાત્રી ટાણે જ અમેરિકા જઇ રહ્યાં છે તે એમનો દિગ્વિજય - ઉત્સવ બની રહેશે. ડો. ભરત બારાઇ જેવા અગ્રણીઓએ એમના ભવ્યાતિભવ્ય સ્વાગતની તૈયારીઓ કરી છે. ઓબામાને પણ ઇર્ષ્યા આવે એવો 'વિશ્વનેતા' ગુજરાત પાસે હોવાની પ્રતીતિ એમને માટે જીવનની યાદગાર ઘટના બની રહેશે. ૨૦૦૨નાં કોમી રમખાણોમાં મોદીને સંડોવતા યુરોપ અને અમેરિકા જેવા દેશો માટે ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીમાં મોદીને પ્રાપ્ત થયેલો અદ્‌ભૂત લોકપ્રતિસાદ એમના પ્રસ્થાપિત પૂર્વગ્રહો છોડી ભારત જેવી વિશ્વની સૌથી મોટી લોકશાહીના નેતા તરીકે એમનો સ્વીકાર અને આવકાર કરવા માટેનું કારણ બની રહેલ છે. એક રીતે મોદીએ એમને આડકતરી રીતે ચીત કરી દીધા છે એમ કહેવામાં અતિશયોક્તિ નહી લેખાય. મોદીને વિઝા નહી આપવાનો નિર્ણય અમેરિકાને મોંઘો પડી રહ્યો છે. એ જ બહાક હુસેન ઓબામા હવે ભારતના વડાપ્રધાન મોદીના માનમાં ડિનર યોજવાના છે. એમને ઉતારો પણ વ્હાઇટ હાઉસની સામેની જ ઇમારતમાં આપવાનું નક્કી થયું છે. ક્યારેક નરેન્દ્ર મોદીને નરસંહારના ગુનેગાર અમેરિકા એના સૌથી મોટા શહેર ન્યુયોર્કના પ્રતિષ્ઠિત મેડિસન સ્કેવરમાં એમનું સન્માન કરશે અને ભાષણ સાંભળશે. આ પ્રસિદ્ધ સ્થાન પર વિશ્વની અનેક વિભૂતિઓનું સન્માન કરી ચૂક્યું છે. મોદી માટે આ એમના જીવનની સૌથી મોટી અને યાદગાર ઉપલબ્ધિ બની રહેશે. ઉત્તર ગુજરાતના એક ગરીબ ઘાંચી કુટુંબમાં જન્મી ચાની હોટલમાં પિતાને મદદરૂપ થનાર બાળકે અમેરિકા જેવા સમૃદ્ધ રાષ્ટ્રમાં ક્યારેક પોતાનું આવું ભવ્ય સન્માન થશે, એવી તો સ્વપ્ને પણ કલ્પના ન જ કરી હોય. નરેન્દ્ર મોદી એમના નામ સામ્યની રૂએ જરૂર સ્વામી વિવેકાનંદની ઐતિહાસિક અમેરિકા યાત્રાને સંભારશે. નરેન્દ્રનાથ નામનાં આ બંગાળી યુવાને રામકૃષ્ણ પરમહંસની ચેતના આત્મસાત્ કરીને અકિંચન સાધુ તરીકે એમનો માનવધર્મનો સંદેશ શિકાગોમાં મળેલ વિશ્વ ધર્મસંસદ મારફ્ત દુનિયાભરમાં ગૂંજતો કર્યો ત્યારે વિશ્વને એ ગુલામ ભારતની સાચી તાકાતનો પરિચય થયેલો. દુનિયા જયારે વિનાશના આરે ઊભી છે ત્યારે ફ્ક્ત અને ફ્ક્ત ભારત જ એને શાંતિ અને સહઅસ્તિત્વનો માર્ગ બતાવી શકે, એ પ્રતીતિ આજથી એકસોવીસ વરસ પહેલાં સ્વામી વિવેકાનંદે અમેરિકામાં બુલંદ અવાજે કરેલ વ્યાખ્યાનથી થઇ હતી. નરેન્દ્ર મોદી કોઇ ધર્મપુરૂષ નથી, છતાં પોતે હિંદુ ધર્મના અડીખમ છડીદાર હોવાનો એ ઇનકાર પણ નથી કરતા. એમને હિમાલય અને ગંગાનું અદમ્ય આકર્ષણ રહ્યા કર્યું છે. પોતાને 'ગંગાપુત્ર' તરીકે ઓળખાવતા આ હિંદુ હૃદય સમ્રાટે લોકસભાની ચૂંટણીમાં વારાણસીથી લડીને હિંદુ નેતાની ઇમેજ પર 'સૌનો સાથ - સૌનો વિકાસ' જેવા સર્વશ્લેષી સૂત્રનો ઢોળ ચડાવીને, તેમજ ભારતીય મુસલમાન ક્યારેક અલકાયદાની મેલી મુરાદ બર નહીં જ આવવા દે એવું દેશભક્તિનું પ્રમાણપત્ર આપીને આ વિચક્ષણ નેતાએ એમના નવા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અવતારને અણસાર પણ આપી દીધો છે. અંગત રીતે એ ચુસ્ત હિન્દુ છે. એમને સાધુ-સંતો અને ધર્મસ્થાનોનું ભારે આકર્ષણ છે. પરદેશી નેતાઓને એ 'ગીતા' જેવો ધર્મગ્રંથ જ ભેટ આપે છે. નવરાત્રી દરમિયાન જ અમેરિકાના જલસામાં સામેલ થવા જઇ રહેલ વડાપ્રધાન છેક કિશોરવયથી શક્તિઉપાસક છે. એમણે એ નવે નવ દિવસ ઉપવાસ કરવાનો અને કર્મકાંડ અમેરિકામાં પણ ચુસ્ત રીતે પાળવાનો સંકલ્પ જાહેર કર્યો છે. મોદીના આવા રૂઢિચુસ્ત વલણ છતાં અમેરિકા તો એમના માનમાં ભવ્ય ડિનર યોજવાની તડામાર તૈયારીઓ કરી જ રહ્યું છે. વિશ્વના રાજકારણમાં કદાચ આ પ્રકારની આ પહેલી જ ઘટના હશે કે જયારે જે નેતાનાં માનમાં પ્રીતિભોજનું આયોજન કરાયું હોય અને એને બત્રીસ પકવાન જમાડવાનો લ્હાવો લેવાની તક મળી હોય ત્યારે એ ફ્ક્ત પાણી ઉપર રહેશે! અમેરિકા જેવા ભૌતિકવાદી રાષ્ટ્રને ભારતનો આ આધ્યાત્મિક તમાચો જરૂર ચચરશે. પરંતુ મોદી આ સોનેરી તક જવા દેવા તૈયાર નથી. એમને વિઝા આપવાનો જાહેર ઇનકાર કરનારી મહાસત્તાએ પોતાની આંતરશક્તિથી પરાજિત કરવા કૃતસંકલ્પ છે. ઓબામાની મુલાકાત કરતાં પણ વિવિધ સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ દ્વારા આયોજિત ડો. બારાઇના નેતૃત્વવાળા સન્માન સમારોહની ઝાકઝમાળ વિશેષ હશે. મોદી યુનોમાં હિંદીમાં ભાષણ આપીને વાજપેયીનો વારસો જાળવી રાખવા કૃતસંકલ્પ છે. મોદીની અમેરિકાયાત્રા વિશ્વ વિજયાત્રા જેવો ભવ્ય પ્રસંગ બની રહેશે. જાપાન અને ચીન જેવો દેશોએ ભારતમાં અબજો ડોલરનાં રોકાણ કરવાની જાહેરાત કરી છે. મોદી અમેરિકા પાસે પણ મોટા રોકાણની અપેક્ષા રાખે છે. પોતે નાના વેપારીના દીકરા છે એટલે 'બિઝનેસ' એમની રગોમાં વહે છે. ભારત હવે 'મેક ઇન ઇન્ડિયા'ની યુગમાં પ્રવેશી રહ્યું છે. દુનિયાના સમૃદ્ધ દેશો ભારતમાં આવે, ભારતીય ઉદ્યોગ સાહસિકો સાથે જોડાય અને દુનિયાભરમાં 'મેઇડ ઇન ઇન્ડિયા'ની પ્રોડક્ટ્સ વેચાય, એ એમની નેમ છે, ભારતને આર્થિક રીતે વિશ્વનાં સમૃદ્ધ રાષ્ટ્રોની પંગતમાં બેસાડવાના આશય સાથે મોદી વિશ્વનેતાઓ સાથે કરાર કરી રહ્યા છે. ઓબામા વિશે તો ચૂંટણી પ્રચાર દરમિયાન તેઓ મનમોહનસિંહની મજાક ઉડાવવા માટે 'ઓ બા, મા!' જેવાં ઉચ્ચારણો કરી પ્રજાનું મનોરંજન કરી ચૂક્યા છે. પરંતુ બીજી તરફ ઓબામા એમના પ્રેરણાપુરૂષ હોય એમ ચૂંટણીસભાઓમાં તેઓ 'યસ, વી કેન' નો નારો પણ લગાવતા રહ્યા છે. મંગળ વિજય પ્રસંગે પ્રેરક પ્રવચન કરીને તેઓ મંગળયાનના શુકન લઇ અમેરિકા પ્રયાણ કરી રહ્યા છે ત્યારે તમામ ગુજરાતીઓ વતી એમને હાર્દિક શુભકામના પાઠવીએ.



નહેરૂ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા પ્રતાપસિંહ હિન્દી વિદ્યાલય સેક્ટર-૩૦ ખાતે ૨૫ સપ્ટેમ્બરના રોજ પ્રખર સમાજ સેવક એવા પંડિત દિનદયાલજીના જન્મદિન નિમિત્તે પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે નહેરૂ યુવા કેન્દ્રના યુથ કોર્ડિનેરી રજનીકાંત સુથાર, યુવા દિશા કેન્દ્રના સંજીવ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય યુવરાજસિંહએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. આમંત્રિત મહેમાનોએ પંડિત દિનદયાલજીના જીવનમાંથી સાદગી અને સચ્ચાઈના પાઠ શીખવાની હાજર વિદ્યાર્થીઓને હાંકલ કરી હતી. જ્યારે આભારવિધિ શોભનાબા વાઘેલા (ટ્રસ્ટી) દ્વારા કરવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નીમાવત)



## જ્ઞાનકુંભ
### - દર્શન મારૂ
## વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૩માં નવા રચાયેલા તાલુકા પૈકી સંજેલી તાલુકાની રચના કયા તાલુકામાંથી થવા પામી છે?
→ **ઝાલોદ**
૨. ૨૦૧૩માં નવા રચાયેલા તાલુકા પૈકી સરસ્વતી તાલુકાની રચના કયા તાલુકામાંથી થવા પામી છે?
→ **પાટણ**
૩. ૨૦૧૩માં નવા રચાયેલા તાલુકા પૈકી ગીર ગઢડા તાલુકાની રચના કયા તાલુકામાંથી થવા પામી છે?
→ **ઉના**
૪. ૨૦૧૩માં નવા રચાયેલા તાલુકા પૈકી ફાગવેલ તાલુકાની રચના કયા તાલુકામાંથી થવા પામી છે?
→ **કપડવંજ, કઠલાલ**
૫. ૨૦૧૩માં નવા રચાયેલા તાલુકા પૈકી બોડેલી તાલુકાની રચના કયા તાલુકામાંથી થવા પામી છે?
→ **સંખેડા, જેતપુર પાવી**
૬. ૨૦૧૩માં રેલવે તંત્ર દ્વારા અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પર યાત્રિકોની સરળતા માટે કઈ સુવિધા શરૂ કરવામાં આવી છે?
→ **એસ્ટેલેટર**
૭. ૨૦૧૩માં અમદાવાદના સરદાર પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટથી વિશ્વના કેટલા નવા ડેસ્ટીનેશનની ફલાઈટ શરૂ કરવામાં આવી છે?
→ **૮ ફલાઇટ**
૮. ૨૦૧૩માં ૬૭માં સ્વાતંત્ર્ય દિનની ગુજરાત રાજય કક્ષાની ઉજવણી કયાં કરવામાં આવી હતી?
→ **લાલન કોલેજ, ભૂજ**
૯. ગુજરાતના કયા જિલ્લામાં ટીચર્સ, ચિલ્ડ્રન અને સ્પોર્ટ્સ યુનિવર્સિટી કયાં બનશે?
→ **આણંદ**
૧૦. ૨૦૧૩માં ગુજરાતી સાહિત્ય પરિષદના નવા અધ્યક્ષ પદે કોની વરણી કરવામાં આવી છે?
→ **ધીરુભાઇ પરીખ**
૧૧. ૨૦૧૩માં ગુજરાત સરકારે કપડા ઉદ્યોગને કેટલા રૂપિયાની સબસિડી આપવાની જાહેરાત કરી છે?
→ **એક હજાર કરોડ**
૧૨. કપડાં ઉદ્યોગોને વર્ષ ૨૦૧૨થી ૨૦૧૭ દરમિયાન પ્રોડકશન શરૂ કરનારને કેટલા વર્ષ સુધી સબસિડીનો લાભ મળશે?
→ **૮ વર્ષ**
૧૩. વડોદરાની નિરાલી ભટ્ટને આઉટ સ્ટેન્ડિંગ પ્લેયર ઓફ ટુર્નામેન્ટનો ખિતાબ કઈ રમત માટે આપવામાં આવ્યો હતો?
→ **ફૂટબોલ**
૧૪. હાલ ગુજરાતમાં જિલ્લા પંચાયતોની સંખ્યા કેટલી છે?
→ **૩૩**
૧૫. હાલ ગુજરાતમાં કુલ તાલુકા પંચાયતોની સંખ્યા કેટલી છે?
→ **૨૪૯**
૧૬. ગુજરાતમાં જિલ્લા વિભાજન થતા હવે કેટલા જિલ્લા અને તેના મુખ્ય મથકના નામ અલગ પડે છે?
→ **૧૨**
૧૭. હાલ કડાણા બંધ યોજના કયા જિલ્લામાં આવેલી છે?
→ **મહીસાગર**
૧૮. હાલ પાનમ બંધ યોજના કયા જિલ્લામાં આવેલી છે?
→ **મહીસાગર**
૧૯. હાલ વણાકબોરી બંધ યોજના કયા જિલ્લામાં આવેલી છે?
→ **મહીસાગર**
૨૦. હાલ સુખી બંધ યોજના કયા જિલ્લામાં આવેલી છે?
→ **છોટા ઉદેપુર**

## હરિની દ્રષ્ટિ...




**વિકાસને સાથ આપવા... નવરાત્રી માટે આપણે જાપાનીઝ કીમોનો ડ્રેસ અને છત્રી તો બનાવડાવ્યા... પરંતુ આ ડ્રેસમાં ચાલી પણ શકાતું નથી...!!**

# ગાંધી જયંતિ નિમિત્તે કલાગુર્જરીનો જે પીડ પરાઈ જાણે રે... કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૫

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના નામ સાથે જોડાએલ નગર ગાંધીનગરના નગરજનોને પૂ. ગાંધીજીના જીવન અને વિચારોની છેલ્લા આઠ વર્ષોથી અનુભૂતિ કરાવતો ગાંધીનગરની જાણીતી સંસ્થા 'કલાગુર્જરી'નો કાર્યક્રમ 'જે પીડ પરાઈ જાણે રે..' આ વર્ષે પણ પૂ. ગાંધીજીની જન્મજયંતિ તા. ૨ ઓકટોબર ૨૦૧૪ અને ગુરુવારના રોજ ટાઉનહોલની સામેની લોન, સેકટર-૭ ખાતે સવારે ૬.૩૦ થી ૮.૩૦ વાગે યોજાશે.

આશ્રમ ભજનાવલિના ભજનો તથા અન્ય ગાંધી ગીતો અને ભજનની ભાવભરી રજુઆત ગુજરાતના જાણીતા કલાકારો દ્વારા આ કાર્યક્રમમાં કરવામાં આવશે. વહેલી સવારના સુરમ્ય વાતાવરણમાં યોજાતા આ કાર્યક્રમમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ગાંધીનગરના સુજ્ઞ નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને ગાંધીજી તથા તેમના વિચારો સાથે સામિપ્ય માણીને તેઓશ્રીને અંજલિ આપવાનો અવસર ચુકશે નહી તેવી કલાગુર્જરીને અપેક્ષા છે.

## કોળી સમાજની બેઠક મળી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર કોળી સમાજની વાર્ષિક સાધારણ સભા તા. ૨૮-૯-૨૦૧૪ને રવિવારના બપોરના ૧.૦૦ કલાકે સમાજની વાડી શ્રી સી.કે. પીઠાવાલા શિક્ષણ ભવન, સેક્ટર-૪-એ ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. સમાજના તમામ જ્ઞાતિબંધુને પધારવા હાર્દિક આમંત્રણ છે.

# પેથાપુર મહાલક્ષ્મી નવરાત્રી સમિતિના હોદ્દેદારોની વરણી

પેથાપુર શ્રી મહાલક્ષ્મી નવરાત્રી યુવક મંડળની બેઠક મળી હતી. જેમાં નવરાત્રીના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. પ્રમુખ તરીકે જનકભાઈ ભાવસાર, ઉપપ્રમુખ તરીકે કમેલશભાઈ આચાર્ય, મંત્રી તરીકે નટુભાઈ દરજી, સહમંત્રી તરીકે રાજુભાઈ ભાવસાર, ખજાનચી તરીકે દિલીપભાઈ પટ્ટણી, ઓડિટર તરીકે સુરેશભાઈ શર્મા, સલાહકાર તરીકે સુરેન્દ્રભાઈ પુરોહિત, મેનેજર તરીકે સુધાકર વેલ્ડર અને કારોબારી સભ્યોની વરમી કરવામાં આવી છે.

# એર રાયફલ શુટીંગ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ રાયફલ એસોસિએશન દ્વારા એર રાયફલ શુટીંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. કરાઈ પોલીસ અકાદમી ખાતે યોજાયેલ સ્પર્ધામાં ૩૦૦ થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં પીપ સાઈટ રાયફલ અને પિસ્તોલ અને ૫૦ મીટર પોઈન્ટ (.૨૨) રાયફલ સ્પર્ધા પ્રથમવાર યોજવામાં આવી હતી. સ્પર્ધામાં ભાગ લીધેલ નગરની શાળાના વિદ્યાર્થીઓને ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ મેળવ્યા છે.

# શિવરંજની પ્રાયોજિત : નયન વિહોણાંઓ દ્વારા "નયનને બંધ રાખીને" નો અજાયબ સ્વરોત્સવ

છેલ્લા લગભગ ચાર દાયકાથી ગાંધીનગરમાં માત્રને માત્ર સર્વાંગી સંગીતના અનવવા - અનોખા, અનુપમ-અદ્‌ભૂત, નિરનિરાળા, નવતર, ભાતીગળ કાર્યક્રમોનું નવલું નઝરાણું જ નગરના સુજ્ઞ, સંગીતપ્રેમીઓને પેશ કરવાની જેની ટેક અને નેમ રહી છે એવી એકમાત્ર, આગવી, સંગીતને જ સમર્પિત સંસ્તા એટલે 'શિવરંજની'. અલબત્ત વ્યક્તિના જીવનમાં જેમ તડકી-છાંયડી, ઉતાર-ચઢાવની જેમ વસંતના ફોરમ ભર્યા વાસંતી વાયરા અને પાનખરની ધગધગતી, બળબળતી લૂને ય જેણે ઝેલી છે, અનુભવની એરણમાં ઘડાઈ ઘડાઈને, ટીપાઈ ટીપાઈને 'શિવરંજની' તેમાંથી સાંગોપાંગ પાર ઊતરી છે... પરિણામ સ્વરૂપે નવપલ્લવિત શિવરંજનીએ તેની દશાબ્દિ પણ દબદબાભેર ઊજવી છે, તેના નગરજનો સાક્ષી છે.

- શિવરંજનીએ પોતાના સંગીત રસિક સભ્યો સમક્ષ સંગીતના તમામ પ્રકારના અર્થાત સુગમ સંગીત, શાસ્ત્રીય સંગીત, લોકસંગીત, કંઠ્ય સંગીત, વાદ્ય સંગીત, ફિલ્મી સંગીત, સૂફી સંગીત, નૃત્ય સંગીત અને કેવળ કવ્વાલી જેવા નવરંગી કાર્યક્રમો તો કર્યા જ છે, પરંતુ તાજેતરમાં ગાંધીનગરના ઈતિહાસમાં એક તદ્દન નવતર નિરાળો પ્રયોગ કર્યો... તે હતો તમામ પ્રજ્ઞાચક્ષુ કલાકારો દ્વારા જ પ્રસ્તુત થયેલો અવિસ્મરણીય, આગવો, અજાયબ અલબેલો અને અદ્‌ભૂત કાર્યક્રમ એટલે પાંચ ગાયલો, નવ વાદ્યકારો (સાંજિદાઓ) અને એક ઉદ્‌ઘોષક દ્વારા રજૂ થયેલો સંગીત મઢ્યો કાર્યક્રમ : 'નયનનો બંધ રાખીને' નો મધુરત્તમ સ્વરોત્સવ - સૂરોત્સવ...

ઈશ્વરે જેની દ્દષ્ટિ લઈ લીધી છે, જેના પર કોઈ પણ સંવેદનશીલ માણસને કેળવ કરૂણા જ ઉપજે તેવા કલાકારોએ ઈશ્વરે આપેલી અધૂરપને પોતાની સંગીત સાધનાથી જિંદગીને મધુરપમાં ફેરવી દીધી છે તેવા ઝિંદાદીલ ઈન્સાનોને નત મસ્તકે સલામ કરવાનું જ મન થાય ને? કારણ કે જેમણે પોતાની દ્દષ્ટિ હિનતાને ઈશ્વરનો અભિશાપ નહીં, પંરતુ આશીર્વાદ સમજીને સ્વરથી ઈશ્વર લગી પહોંચવાની જે હામ ભીડી છે તે કેટલી આશ્ચર્ય અને આનંદની ઘટના છે!

મુંબઈના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત શ્રવણકુમાર અને તેના ગાયલ વાદ્ય વૃંદે અત્યંત નજાકતથી, ભાવથી અને માધુર્યથી રજૂ કરેલો કાર્યક્રમ : 'નયનને બંધ રાખીને' ગાંધીનગરના કદરદાન, ગુણીજન શ્રોતાઓને બેશુમાર દાદ આપી... સંગીતમઢ્યા આ નવલા કાર્યક્રમનો શુભારંભ ગજાનન ગણપતિના પાવનકારી શ્લોકગાન તેમજ ગુરુમહિમાના ગુરુમંત્રથી થયો... અને એ પછી તો સ્વર અને સૂરની અપ્રતિમ જમાવટ આરંભાઈ...

'નયનને બંધ રાખીને' કાર્યક્રમમાં પ્રથમ ગીત એટલે ગુજરાતના એકમેવ, મહાન, અમર સ્વરકાર, ગીતકાર અને સંગીતકાર અવિનાશ વ્યાસની ગુજરાતના ઘરોઘરમાં ગુંજતી, કાળજયી, સદાબહાર રચના : માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઉગ્યો... ને ફનકારા તુલસી ઝવેરીએ એટલું મીઠું ગાયું કે સંગીતનો અજબ નશો અને જાદુ સારાયે ટાઉનહોલમાં છવાઈ ગયો... ત્યારબાદ બીજું ગીત મુકેશજીના કંઠે ગવાયેલું 'પંખીડાને આ પિંજરું જુનું જુનું લાગે' એને બાઈ બિપિન વર્તકે પણ એટલું જ બખૂબીથી દરદીલા સ્વરે પેશ કર્યું. કાર્યક્રમની બાગડોર સુકાન જેઓ સંભાળી રહ્યા છે અને તેમના સ્વર અને સૂરના કામણ માત્ર દેસમાં જ નહીં બલ્કે દુનિયાના અનેક દેશોમાં સંગીત રસિયાઓને પણ અભિભૂત કર્યા છે તેઓ મોટા ગજાના મશહુર ગાયક કલાકાર જેમને કુદરતે એકી સાથે પુરુષ અને સ્રીના સૂરમાં પણ ગાઈ શકવાની આગવી બક્ષિસ આપી છે તે શ્રવણકુમારે અવિનાશભાઈની જાણીતી ગીતકૃતિ : કોક વાર આવતાં ને જાતાં મળો છો એમ મળતાં રહો તો ઘણું સારું... રજૂ કરીને શ્રોતાઓને ડોલાવી દીધાં. શ્રવણકુમારની સુંદર પેશકશ બાદ પરેશ ભટ્ટના સ્વરાંકન વાળું રમેશ પારેખનું સુપ્રસિદ્ધ ગીત : સાંવરિયો રે મારો સાંવરિયો, હું તો ખોબો માંગુ દઈ દે દરિયો - બહેન રશ્મિ કાતારે એ એટલું મધુરું ગાયું કે ટાઉનહોલ આખો ઝૂમી ઉઠ્યો... શ્રવણકુમાર ગ્રુપના વોઈસ ઓફ મુકેશ, સીઝન્ડ ગાયક એટલે બિપિન વર્તક. તેઓએ ફિલ્મ અખંડ સૌભાગ્યવતીનું મુકેશનું ગાયેલું પ્રણયસભર ગીત : નજરના જામ છલકાવીને ચાલ્યાં કયાં તમે રજૂ કરીને શ્રોતાઓને પણ પોતાની યુવાની યાદ કરાવી દીધી...

ગુજરાતી સુગમ સંગીત અને ગુજરાતી ફિલ્મી ગીત-સંગીતમાંથી અવિનાશ વ્યાસને બાદ કરીએ તો બધું મોળું અને ફિક્કું જ લાગે એવું નથી લાગતું? અગાઉ જણાવ્યા મુજબ શ્રવણકુમાર સ્રીપુરૂષ બંને સૂરોમાં મહારત ધરાવે છે. (અહીં આપણને મહેશકુમારની સહજ યાદ આવી જાય છે) તેમની ઓળખ વોઈસ ઓફ લતા મંગેશકરની પણ છે. તેમણે અવિનાશભાઈની સંગીતબદ્ધ કરેલી લત્તાજીના સ્વરમાં ગવાયેલી ખૂબ જ જાણીતી રચના : આજનો ચાંદલિયો મને લાગે બહુ વ્હાલો, કરી દો સૂરજને કે ઊગે નહીં ઠાલો ગાઈને સાચે જ સહુના મન મોહી લીધા... ત્યારબાદ શ્રવણકુમારે કાર્યક્રમનું શીર્ષક ગીત, જે મનહર ઉધાસે ગાયું છે અને ખ્યાતનામ શાયર 'બેફામ'નું લખેલું છે તેને પણ અત્યંત સુંદર ઢબે રજૂ કરીને પ્રેક્ષકોને રસલીન કરી લીધાં... અત્રે એ જણાવવું ઉચિત ગણાશે કે શ્રવણકુમારની સાથે આવેલા તમામ ગાયક અને વાદક કલાકારો પોતપોતાના ક્ષેત્રમાં - કલામાં પારંગત છે એટલું જ નહીં પ્રત્યેક કલાકારો મુંબઈની સંગીત સંસ્થાઓમાં કે સંગીતના કાર્યક્રમો કરતાં ગ્રુપો સાથે સંકળાયેલા છે. સંગીતના દોરમાં પુનઃ બહેન રશ્મિ કાંતારે અવિનાશ વ્યાસની ગીત રચના : મારી વેણીમાં ચાર ચાર ફૂલ... અંબોડલે સોહે સોહામણી ઝૂલ... રજૂ કરીને સંગીતપ્રેમીઓને મોજ કરાવી દીધી.... તો વળી ફિલ્મ સોન કંસારીનું અવિનાશ ભાઈનું લખેલું, જેનું સ્વરાંકન સુરોત્તમ એવા પુરૂષોત્તમ ઉપાધ્યાયનું છે તે ગુજરાતભરમાં સંગીત રસિયાઓને જેને સાંભળથાં ધરાતાં જ નથી એવું આશા ભોંસલેનું સદાબહાર ગીત : છેલાજી રે.. મારી સારું પાટણથી પટોળા મોંઘા લાવ જો.... ને તુલસી ઝવેરીએ અદ્દ્લ એવી જ હલક અને છટાથી પ્રસ્તુતિ કરીને આખા ટાઉનહોલને પાટણના પટોળાના ભાતીગળ રંગમાં રંગી દીધાં... અને આજ માહોલમાં શ્રવણકુમારે ફિલ્મ : સોન કંસારીનું બીજું એવું જ સુંદર લોકગીત જે અચકો મચકો કારેલી આજે પણ લોક હૈયામાં ધબકતું રહ્યું છે, જે કચ્છના લોકગાયક સ્વ. વેલજીભાઈ ગજ્જરે ગાયેલું છે તેને પણ એવા જ લોકઢાળમાં શ્રવણકુમાર અને તેમના સાથીદારોએ ગાઈને જામો પાડીદીધો એ કહેવાની જરૂર ખરી?

એક પછી એક ઉત્તમોત્તમ, સુંદરત્તમ, મધુરત્તમ ગીતોને રસલ્હાણની સાથોસાથ ફૂલોથી ઓપતો- નિખરતો મધમધતો ગીતોનો ગુલદસ્તો પણ દરેક હોનહાર કલાકારોએ પોતાની આગવી, વિશિષ્ટતા અને કૌશલ્યથી પેશ કર્યો, જેની આછેરી ઝલક આ રહી :

- ચાલ્યા જ કરું છું, ચાલ્યાં જ કરું છું - સમૂહ સ્વરોમાં
- દિવસો જુદાઈના જાય છે એ જશે જરૂર મિલન સુધી, તારો હાથ ઝાલીને લઈ જશે તુજ શત્રુઓન જ સ્વજન સુધી - શ્રવણકુમાર
- સ્વજન મારી પ્રીતડી સદીઓ પુરાણી, ભૂલી ના ભૂલાશે પ્રણય કહાની - બિપિન વર્તક
- આવો તોય સારું, ન આવો તો સારું તમારું સ્મરણ છે તમારાથી પ્યારું - બિપિન વર્તક
- છાનું કે છપનું કૈં થાય નહીં, ઝાંઝરના ઝણકને તો ઝાંઝર કહેવાય નહીં - તુલસી ઝવેરી
- શાંત ઝરૂખે વાટ નીરખતી રૂપની રાણી જોઈ હતી, મેં એક શહજાદી જોઈ હતી - શ્રવણકુમાર
- ઊંબરે ઊભી સાંભરું રે બોલ વાલમના, ઘરમાં સૂતી સાંભરું રે બોલ વાલમના - રશ્મિ કાતારે
- શિવરંજની રાગ આધારિત ફિલ્મ : મેરા નામ જોકરનું ગીત : જાને કહાં ગયે વો દિન, કહતે હૈ તેરી રાહ મેં, નજરોં કો હમ બિછાંયેગે - બિપિન વર્તક
- હુતુતુતુ, હુતુતુતુ, જામે રમતની ઋતુ - શ્રવણકુમાર
- સોલા બરસકી બાલી ઉંમર કો સલામ, પ્યાર તેરી પહેલી નજર કો સલામ - શ્રવણકુમાર
- જો વાદા કીયા વો નિભાના પડેગા - શ્રવણકુમાર/તુલસી ઝવેરી
- છૂપ ગયે સારે નજારે ઓય કયા બાત હો ગઈ - શ્રવણકુમાર/રશ્મિ કાતારે
- ઓઢણી ઓઢું ઓઢું ને ઊડી જાય - શ્રવણકુમાર

'નયનને બંધ રાખીને' ના કાર્યક્રમમાં માત્ર એક જ ગીત : મન્ના ડે એ ગાયેલું : પંખીઓએ કલશોર કર્યો... ધરતીએ સૂરજ ચૂમ્યો ને ભાઈ વિશાળ કટારિયાએ એટલું આબેહુબ ગાયું કે - શ્રોતાઓએ એને મનભરીને દાદ દીધી.

કાર્યક્રમની પૂર્ણાહૂતિ રાષ્ટ્રીય શાયર મેઘાણીના 'કંસુબીનો રંગ'થી ઉદ્‌ઘોષક મિતેશ સુખડિયા અને સાથીઓ દ્વારા થઈ.

સૂર અને સંગીતની આ મહેફિલને ચાર ચાંદ લગાવવાનું અનોખું કૌશલ્ય પોતાની સુંદર સરસ શૈલીથી શેરોશાયરીની ગૂંથણી અને બુદ્ધિગમ્ય હાસ્યરસની લ્હાણ સાથેનું સુંદર સંચાલન કરવા માટે ઉદ્‌ઘોષક મિતેષ સુખડિયા ને અનેકાનેક અભિનંદન... આ કાર્યક્રમનું સુચારું, સુમધુર સંગીત સંચાલન કરવા બદલ પ્રશાંત યાદવ અને તેમની ટીમને પણ સુરીલી સલામી પાઠવવી જ પડે.

કાર્યક્રમના પ્રારંભે હરેશ સોની દ્વારા કાર્યક્રમની ભૂમિકા, તેમજ પ્રમુખ વાગ્મિન બુચ દ્વાર ઉષ્માભર્યું આવકાર ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું. પ્રજ્ઞાચક્ષુઓના રજૂ થયેલા આ અનોખા કાર્યક્રમ માટે પ્રકાશ લાલા અને નગરની કલા બેલડી જયરાજસિંહ સરવૈયા અને શ્રીમતી આશાબેન સરવૈયાને અભિનંદન ન આપીએ તો માંયલો દુભાય બાપ! અને સૌથી મહત્ત્વનાં, પ્રાણરૂપ જો કોઈ હોય તો સંસ્થાના સમજદાર, કરરદાન સંગીતજ્ઞ શ્રોતાઓ, જેઓએ પ્રમુખની ટકોર 'કલાકારોનાં નયન ભલે બંધ હોય... પણ આપણાં હૃદયને ખુલ્લાં રાખીને' તેને હૃદયસ્થ કરીને, એ વાતને વધાવીને તમામ કલાકારોને બશુમાર પ્રેમથી પોંખ્યા, માણ્યા, પ્રમાણ્યા એનીય ગૌરવપ્રદ નોંધ તો લેવી ઘટે ને...

## ઉઘડતે પડદે
### ભરત કવિ 'ઉર્મિલ'